


કિંમત ૨ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૬૯ ● મે-૨૦૨૧

## ફરી વખત મંદિર આવવા હાલ ઘેર જ રહો

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



પ.પૂ.આચાર્ય મહારાજશ્રી આર.એસ.એસ.ના પ્રાંત પ્રચારક (ગુજરાત રાજ્ય) શ્રી ચિંતન ઉપાધ્યાય સાથે ગુજરાતની કોરોનાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરતા.





[illegible]

**કોરોનાના નિયમ પાળવા**

માટે સરકારી નિયમોનું ચુસ્ત પાલન કરો

ઘેર રહો, સ્વસ્થ રહો....

# શ્રી સ્વામિનારાયણ


## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૪ (મૂળ વર્ષ ૫૪) ● અંક : ૧૬૬ ● મે-૨૦૨૧

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સ્વચ્છતાની સફળતા | ૦૬ |
| ૦૪. | પર્વ ની પૂર્વ સંધ્યાએ | ૦૮ |
| ૦૫. | ડાંગરવા | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૬ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૧૮ |

**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**

E-mail : manishnvora@yahoo.co.in


**લવાજમ**


વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

ભગવાનના સ્વરૂપમાં પોતાની ચિત્તની વૃત્તિને જોડી રાખવી કઠણ છે, પરંતુ તે વૃત્તિને અખંડ ભગવાનના સ્વરૂપ સિવાય ક્યાંય ન જવા દેવી તે અતિ કઠણ છે. તેમ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રથમના પહેલાં જ વચનામૃતમાં સમજાવ્યું છે. તેનો અનુભવ આજના આ વિપરીત મહામારીના સમયમાં સૌને પ્રત્યક્ષ થઈ રહ્યો છે. ચારે બાજુ પોતાની આસપાસ જાણીતા પરિચિત વ્યક્તિઓનાં ઘરમાં સંબંધીમાં સાધારણ શારીરિક કષ્ટ આવે એટલે તરત જ એવી મોટી આશંકા ઉભી થાય છે કે આ મહામારીનો ચેપ તો નહિ હોયને ! આવી વિપરીત અને કષ્ટદાયક પરિસ્થિતિમાંથી સત્વરે બહાર નીકળવા માટે આપણી પાસે એક માત્ર ઉપાય સ્વરૂપે ભગવાનનું ભજન કરવું અને તેમની દયાળુતા અને કૃપા દૃષ્ટિ ઉપર દૃઢ વિશ્વાસ રાખીને ભગવાન શ્રી નરનારાયણના આવનારા ૨૦૦ માં પર્વ ઉત્સવની પત્રિકામાં કહેલા આયોજનોને પાર પાડવાના કાર્યમાં તન, મન, ધનથી લાગી જવાનો સમય આવી ગયો છે. તેમાંથી જે પણ કાર્યમાં જેની જેવી રૂચિ અને અનુકુળતાને અનુસાર સત્કાર્યનો પ્રારંભ કરવો. જેમ કે મંત્ર લેખનમાં રૂચી છે તો મંત્ર લેખનની બુક આવી ગઈ છે. તેને મેળવીને તેમાં સમય વ્યતિત કરવાનું આયોજન કરીને ભગવાનને રાજી કરી લેવા એજ સૌને ભલામણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**





## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની तवारीख

૪. જેતલપુર મંદિર પાટોત્સવ પ્રસંગે આયોજીત વિષ્ણુયાગની પૂર્ણાહુતિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

# સ્વચ્છતાની સફળતા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ધર્મ નિયમને સાંગોપાંગ આધ્યાત્મિક જીવનમાં અખંડ સફળ કરવા શુધ્ધતા અને પવિત્રતા બહુજ જરૂરી જણાય છે. તે આન્તર અને બાહ્ય બન્ને હોવા જોઈએ. કેમ કે, બન્ને એક બીજા સાથે આધાર રાખતા હોય છે. જેમ ઘર, મંદિર, આંગણા, રસ્તાની સાથે સાથે સાર્વજનિક સ્થાનોને અશુધ્ધ અને અપવિત્ર કરનાર હોય તો તેમાં માનવજાત મુખ્ય જવાબદાર છે. માણસ પોતે જ પોતાના શરીર, મન અને સ્થાનને પવિત્ર-શુધ્ધ રાખવાનો અને અપવિત્ર અશુધ્ધ કરવાનો જેવો પ્રયત્ન કરે છે તેવો જ તે જતે દહાડે બની જાય છે. પછી તેના વિચારો ઉપર પણ વિશેષ પ્રભાવ પડે છે. જે આજે આખી દુનિયા બધું નજરે જોઈ રહી છે. પરમાત્માએ માણસને મન, તન, સ્થાન બહુ શુધ્ધ પવિત્ર આપેલ પણ તેને પોતાના કર્મ સ્વભાવે - પ્રમાદથી બધું અશુધ્ધ-અપવિત્ર કરી નાખેલ છે. તેના સારા અને ખરાબ ફળ પણ દુનિયા ભોગવે છે તે આ માણસની બેદરકારીના કારણે અનેક જીવોને તેની સજાઓનો સામનો કરવો પડે છે. પોતાની અને સાર્વજનિક જગ્યાઓને અશુધ્ધ-અપવિત્ર કરનાર પરમાત્માનો ગુનેગાર બને છે. અને તેને શુધ્ધ પવિત્ર કરનારો વ્યક્તિ કૃપાપાત્ર બને છે. સ્વચ્છતા જાળવવી એ આપણો નૈતિક ધર્મ છે.

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વધુમાં વધુ અહિંસા-શુધ્ધતા-પવિત્રતા ઉપર ખૂબજ ભારપૂર્વક આજ્ઞાઓ લખી છે. તેમાં દેહ, મન, સ્થાન, ધન, વ્યવહાર, આચરણ, માનસિક, વિચાર, વાણી, વ્યવસાય, વર્તન અને આધ્યાત્મિક બાબતો મુખ્ય રહી છે. આપણા ધર્મશાસ્ત્રો, પુરાણો, ઉપપુરાણો, સ્મૃતિઓ વિગેરે પણ એ જ વાતને વારે વારે દોહરાવેલ છે. તેમાંથી એક ઈતિહાસ નૃસિંહ પુરાણનો યાદ કરીએ છીએ કે, જે કોઈ મનુષ્ય ભગવાનના મંદિરને વિષે નિત્ય ઝાડુ, સાવરણી વડે સફાઈ-શુધ્ધ કરે છે તે બધા પાપોમાંથી મુક્ત થઈને ભગવાનના વિષ્ણુલોકને વિષે વિષ્ણુનારાયણના સારુપ્ય મુક્તિને મેળવે છે. તથા ગોબર - માટી - જળ વડે ભૂમિને લીંપવાથી સેવા કરે છે તે પણ શુધ્ધ-પવિત્ર-હૃદયવાળો બનીને અનંત પુણ્યફળના ભોગી બનીને પરમાત્માને પ્રાપ્ત કરે છે. પરમાત્માનું દેવાલય - મંદિરની ભૂમિ તે દિવ્ય અલૌકિક છે તેને શુધ્ધ અને પવિત્ર રાખનાર માયાને તરીને પરમાત્માને પ્રાપ્ત કરે છે. નૃસિંહ પુરાણમાં સૂતજી અને માર્કણ્ડેય મુનિના સંવાદમાં સૂતપુરાણી આ વિષે એક પ્રાચીન સમયકાળનો ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલ જયધ્વજ રાજાનો એક સત્ય પ્રસંગ કહ્યો છે.

એક દિવસ વિતીહોત્ર નામે ત્રિકાળદર્શી વિદ્વાન બ્રાહ્મણ જયધ્વજ રાજાના પુરોહિત બનીને રાજ્યમાં આવ્યા. રાજાએ તેમનું આતિથ્ય ધર્મ અનુસાર સ્વાગત પૂજન યથાશાસ્ત્ર કરીને પ્રાર્થના પૂર્વક દિન વચન બોલ્યા કે, હે બ્રહ્મન્ ! મારા કલ્યાણ-મોક્ષ હેતુ ઉપદેશના બે વચન જણાવો. ત્યારે તે વિતીહોત્ર નામે બ્રહ્મદેવ બોલ્યા કે, હે રાજન્ ! તમે ખૂબજ ભાગ્યશાળી વંશ કુળને ઉજજવળ કરનારા છો. તમારી દૈવી બુદ્ધિ પવિત્ર કાર્યમાં સહયોગ કરનારી - પ્રોત્સાહિત કરનારી છે. તમારો પૂર્વ જન્મમાં વેદપાઠી પંડિત બ્રાહ્મણના ઘેર જન્મ થયો હતો. તમે ખૂબજ પવિત્ર જીવન જીવનાર ધર્મ મર્યાદાઓ વર્ણાશ્રમના ધર્મ પાળનાર નિત્ય સંધ્યા હોમ તર્પણ જેવા પુણ્યશાળી કાર્યો કરનારા હતા. એક દિવસ કોઈ નિમિત્ત કાર્ય હેતુ બહારગામ જતા રસ્તામાં એક ગામની પાદરમાં જીર્ણ દેવાલય હતું તેમાં રાત્રિ વાસો કરવા પ્રવેશ કર્યો. ત્યારે તે ખંડેર સ્થિતિના દેવાલયમાં બહુ જ ધૂડ્ય-કચરો પડેલો

જોઈ તમે તમારા ઉપવસ્ત્ર તે દેવાલયનો કચરો વાળી સાફ-સફાઈ કરીને શુધ્ધ-ચોખ્ખું કરતા કરતા અડધી રાત્રિ વીતી ગઈ ત્યાં લગી પવિત્ર ભાવે સફાઈની સેવા કરી. ત્યારે તે દેવાલયના દેવની પ્રસન્નતાથી તમને બીજા જન્મે ચંદ્રવંશમાં પવિત્ર મનવાળા જયધ્વજ નામે રાજા તરીકે જન્મ મળ્યો અને આ જન્મે પણ તમે રાજાધિરાજ અનેક સેવકોના સ્વામી હોવા છતાં તમારા રાજ્યના ઈષ્ટદેવના મંદિરની તમો નિત્ય ઝાડુ લગાવવાની સાફ-સફાઈ, કચરા પોતા કરવાની સેવા કરો છો તે તમારા કલ્યાણ - મોક્ષના ફળ આપનાર બનશે. તમે દેહાન્તે વિષ્ણુલોકમાં વિષ્ણુ ભગવાન જેવા સારુપ્ય મુક્તિના ભોકતા બનશો. જન્મ-મરણમાંથી મુક્તિ પામીને પ્રારબ્ધ-ક્રિયામાણ-સંચિત કર્મો વાસનાઓથી મુક્તિ મેળવીને પરબ્રહ્મના લોકને વિષે અવિચળ પદ મળશે. ભગવાનના મંદિરની સફાઈ કરવા વડે તમારા મન-બુધ્ધિ-અંતઃકરણ-દેહ અને કારણ શરીરમાં રહેલી જન્મો લેવડાવતી વાસનાઓ બળીને ભસ્મ થઈ ગઈ છે. દેવાલય દેવનું સ્થુળ કલેવર (શરીર) માનવામાં આવે છે. તેની સેવા કરનારનો વિષ્ણુલોકમાં નિવાસ આપનાર કહ્યો છે. એટલે તમે ધર્મજ્ઞ ભૂપાળ હરિભક્તિ પરાયણ નરશ્રેષ્ઠ વિષ્ણુ ભક્ત પુરુષોમાં સર્વથી શ્રેષ્ઠ છો. ભગવાનને અતિ પ્રિય લાગવાવાળું કર્મ કરી રહ્યા છો. તેથી તમારી પૂર્વાપરની એકોતેર પેઢીઓના પૂર્વજો અને વંશજોના તારણહાર બન્યા છો. મંદિર-દેવાલયમાં ઝાડુ લગાવનાર, દીપ જલાવનાર, દીપદાન કનાર, ભોગ નૈવેદ્ય અર્પણ કરનાર, મંદિર બંધાવનાર, વસ્ત્ર-આભૂષણ અર્પણ કરનારા આદિ પરમાત્માના લોકને વિષે અવિચળ પદ પ્રાપ્ત કરનારા કહ્યા છે. જેવું મંદિર, દેવાલયની સફાઈ કરવા - રાખવાનો મહિમા પુણ્યફળ કહેવામાં આવ્યું છે તેવી રીતે પોતાને રહેવાનું ઘર-વ્યવસાયનું સ્થાનક-સાર્વજનિક સ્થળ, રસ્તા - બાગ બગીચા. પણ ગંદકી ફેલાવવી કે કચરો નાખવો તે માણસના જીવનમાં લક્ષ્મીદેવી નારાજ થઈ જતા. જતે દહાડે તેના જીવનમાં દરિદ્રતા સપડાઈ જાય તે સર્વે શાસ્ત્રોનો સિધ્ધાંત છે. જે ગલી - મહોલ્લા - ખડકી - સોસાયટી - પોળ - નગર કે મહાનગર કહેવાતા હોય ત્યાં જ્યાં ગંદકી જોવા મળતી હોય ત્યાં તેને પૂર્વ જન્મના કઠણ પ્રારબ્ધવા આત્માઓ દરિદ્રતાની સજાની સાથે કુદરત તેને જન્મ આપે છે. તેની જીંદગી કચરાની અંદર વિતાવવી મજબુરી બને છે. ઘરમાં સ્વચ્છતા પવિત્રતા હોય તો તેના પરિવારના સભ્યોમાં વિચારો ઉપર તેનો સારો પ્રભાવ પડે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૩૨ માં લખ્યું છે કે, લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર, વૃક્ષની છાયા, ફુલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે મળમૂત્ર ન કરવું, તથા થૂંકવું પણ નહિ.

અમદાવાદમાં એક હરિભક્ત દયાળજીભાઈ નિરમાવાળા હતા. કાલુપુર મંદિર આવતા અને સાઈકલ ઉપર સાવરણીઓ લઈને સવારે પાંચ વાગ્યે આવે ૨ કલાક મંદિરની સફાઈ કરતા અને બીજાને પ્રેરણા કરતા. ત્યારથી તેઓનો વ્યવહાર અને સત્સંગ બન્ને સારા થયા. ઘેર બેઠા કંઈ કાર્ય કર્યા વિના લાખો - કરોડોની કમાણી માત્ર ડિલરશીપમાંથી આવતી. છેલ્લી ઉંમર સુધી કરોડપતિ થયા પછી પણ સફાઈ સેવા છોડી નહી. આ પ્રસંગ અમદાવાદના તમામ સત્સંગીઓ જાણે છે.

જેતલપુરધામમાં દર પૂનમે દેઉસણાના કાન્તિભાઈ સાવરણીઓ લઈને આવતા. આખો દિવસ મંદિરની સફાઈ કર્યા જ કરે. તો તેમનો પણ વ્યવહાર - સત્સંગ સારો થયો. આવા અનેક પ્રસંગો સત્સંગમાં ગામો ગામ નાના-મોટા મંદિરોમાં જોવા મળે છે.

શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સિધ્ધાંતો વિષે પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વ હેઠળ એક ''શીખ'' નામે વેબસિરિયલ પ્રસારણ કરવામાં આવે છે તેના માધ્યમથી કરોડો દર્શકોને શ્રીહરિના સિધ્ધાંતોના દર્શનનો લાભ મળી રહ્યો છે.



# પર્વ ની પૂર્વ સંધ્યાએ

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાને આરે છે ત્યારે આપણે સૌ સાથે મળીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વમાં શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવનું આ પાવન પર્વ ઉજવવાનો શુભ સંકલ્પ કરવામાં આવ્યો છે ત્યારે આ પર્વની યથાર્થતાને સમજવાનો પ્રયાસ કરીએ.

સંપ્રદાયના આ અતિ મહત્વના ઉત્સવનું આવું ટૂંકુ, સ્પષ્ટ અને અર્થસભર નામ ''પર્વ'' એ પૂ. ગાદીવાળાશ્રીએ સૂચિત કરેલું છે. કેટલું સરસ અને અર્થ સભર એ શબ્દ છે ! જેમ ભગવાન એટલે બસ ભગવાન એમ શ્રી નરનારાયણ ભગવાનની સમાંતર બીજું કોઈ હોઈ જ ના શકે. તેમ પર્વ એટલે બસ પર્વ બીજું કશું જ નહિ ! કારણ ગમે તેટલું નાનું અને સુક્ષ્મ હોય પણ તે મોટા કાર્યની ઉત્પત્તિ કરવાને સમર્થ હોય છે. વડનું બીજ નાનું છે પરંતુ તે થકી જ મોટો વિશાળ વડ ઉત્પન્ન થાય છે. એમ ''પર્વ'' એ કારણ છે અને શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષની પૂર્તિ એ કાર્ય છે.

કાર્યક્રમની વિગતવાર રૂપરેખા તૈયાર થઈ રહી છે અને પર્વના ઉપલક્ષમાં જે જે આયોજનો નિર્ધારિત કર્યા છે તે સર્વ માહિતી આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના એપ્રિલ-૨૦૨૧ ના અંકમાં પ્રદર્શિત કરી છે.

ઘણાં સમય પછી ઉત્સવ, સત્સંગના બારણે દસ્તક મારી રહ્યો છે. માર્ચ ૨૦૨૦ થી આજ પર્યંત કોરોનાની વિષમ મહામારી વિકરાળ બનીને આખા વિશ્વને ધમરોળી રહી છે. માસ્ક, સોશિયલ ડીસ્ટંસીંગ તથા બીજા કોવિડ - ગાઈડ લાઈન પ્રમાણેના આદેશોનું પાલન પણ કરવાનું છે અને સાથે સાથે તન, મન, ધનથી પર્વમાં યોગદાન પણ કરવાનું છે.

આ પર્વની સાર્થકતા જ એ છે કે આપણું આ પર્વ ભરતખંડના મુખ્ય દેવ અને આજીવન નૈષ્ઠિક વ્રતધારી રહેલા એવા શ્રી નરનારાયણ ભગવાનનું પર્વ છે. આપણા મોટાં ભાગ્ય છે કે હિમાલયના રહેવાસીએ અમદાવાદ શહેરમાં આવીને વાસ કર્યો છે. તેઓ તો અપાર સુખના રાશી છે. નૈષ્ઠિક વ્રત તેમને અતિ પ્રિય છે. તેમને તો કોઈ પદાર્થ જોઈતું નથી. કેમ કે એ તો સર્વને સર્વ પદાર્થના આપનારા પોતે જ છે.

> ''.........અને સમૈયો આવે ત્યારે ઉત્સવને દિવસે શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને કોઈ વાર હજારું ને લાખું રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ થાય અને કોઈ વાર તુલસીનું પત્ર મૂકીને પણ ઉત્સવ થાય - પણ સહેજે થાય તે ખરું પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહી. (ગ.પ્ર. ૨૧).

વિ.સં. ૧૮૭૮ ના ફાગણ સુદી-૩ ને સોમવારનો એ ધન્ય દિવસ હતો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું આ પ્રથમ મંદિર હતું. સંપ્રદાયના પાયા અહીંથી જ ઉંડા ખોદાયા હતા. અનેક પ્રકારના વિરોધોની વચ્ચે સંપ્રદાયની અણનમ કૂચનું વિજયવંત પ્રતીક એટલે જ આપણું શ્રી નરનારાયણ ભગવાનનું ભવ્ય મંદિર, ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૨ થી ૪ માર્ચ-૨૦૨૨ દરમ્યાન પર્વનું પાવન પર્વ ઉજવવામાં આવશે. ઉત્સવને આડે હવે માત્ર ૯ માસ જ બાકી રહ્યાં છે.

શ્રી નરનારાયણ તો ભરતખંડના રાજાધિરાજ છે. આ મુલકના પાદશાહ છે. એમનું પર્વ, આન-બાન, શાન થી ઉજવવામાં આવશે.

‘‘એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું.’’ આવી સમજ જો રાખીશું તો દાસભાવે રહીને શ્રી નરનારાયણ ભગવાન પ્રત્યે આપણાથી શું ન થાય ? અહીં કંગાલ એટલે આપણે એમના સેવક છીએ - દાસ છીએ અને એ તો સ્વયં પાદશાહ પોતે છે - એવી ભાવનાથી ભવ્ય પર્વની ઉજવણી કરવાની છે.

ઉત્સવ દરમ્યાન કોઈ માન આપે કે ના આપે એનો ધોખો શા માટે રાખીએ ? ‘‘મારા માલિક એવા શ્રી નરનારાયણ ભગવાનનો મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. એવું સમજીને અંતરની અમીરાઈ છલકાવી દેવાની છે.

‘‘.......... અને સમૈયો આવે ત્યારે ઉત્સવને દિવસે શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને કોઈ વાર હજારું ને લાખું રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ થાય અને કોઈ વાર તુલસીનું પત્ર મૂકીને પણ ઉત્સવ થાય - પણ સહેજે થાય તે ખરું પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહી. (ગ.પ્ર. ૨૧).

શ્રીહરિના આ વચનામૃત બોધને ધ્યાનમાં રાખીને આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

પર્વ શબ્દ જ પાવન કારી છે અને પવિત્ર પણ છે. એનો બીજો કોઈ પર્યાય શક્ય જ નથી.

શ્રી નરનારાયણ ભગવાનનો મહિમા તો સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં અનેકવાર સમજાવ્યો છે. એ આપણા પિતા છે. જગતમાં કોઈ મોટી પદવી વાળા પિતાનો પુત્ર પણ કેટલી મગરૂબી રાખે છે ? ‘‘મારો બાપ કોણ છે એની ખબર છે !’’ એમ અવાર-નવાર દમ મારતો રહે છે. જ્યારે આપણે તો શ્રી નરનારાયણ ભગવાનના જ આશ્રિતજન છીએ પછી શીદ ને કંગાલ રહીએ ? ખોટી મગરૂબી રાખવાની નથી પરંતુ આજ્ઞાકારી આશ્રિત તરીકે પર્વને સર્વ પ્રકારે દીપાવીએ.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ વિવિધ શાસ્ત્રો (વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ) માંથી સંકલિત કરીને સ્વહસ્તે લખેલ શ્રી નરનારાયણદેવ નામક નાની પુસ્તિકાનું આપણે સૌ નિત્ય પ્રત્યે પઠન કરીશું તો શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા અવશ્ય વધશે.

ખાતા પીતા હાલતાં ચાલતાં શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી એ મનનો નિદિધ્યાસ છે.

આવો નિદિધ્યાસ કેળવતા રહીને આગામી પર્વને ઉત્સવોની યશકલગી બનાવીએ અને એ માટે જે કાંઈ થઈ શકે એ માટે સતત પ્રયત્નશીલ રહીએ.

આવી ભાવનાથી આગામી પર્વને પાવનકારી બનાવીએ.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

## અમદાવાદ શહેર નજીક
## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# ડાંગરવા

- સંકલન : પ્રફુલ ખરસાણી









શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા અને મુમુક્ષુઓના કલ્યાણ અર્થે સમગ્ર ગુજરાતમાં વિચરણ કર્યું છે. અમદાવાદ મંદિરમાં પ્રતિષ્ઠા બાદ અમદાવાદની આસપાસના નાનામાં નાના ગામોમાં પણ છેક નીચલા વર્ગના લોકોના ઉદ્ધાર માટે વિચરણ કર્યું હતું. તેમાંનું એક ગામ એટલે મહેસાણા જિલ્લાના કડી તાલુકાનું ડાંગરવા ગામ.

અમદાવાદથી મહેસાણા જતી રેલ્વે લાઈનમાં કલોલ સ્ટેશનથી આગળ ડાંગરવા સ્ટેશન આવે છે. આ ગામ આર્થિક અને સામાજીક રીતે વિકસતું એક ગામ છે.

અહીં ભાઈઓ-બહેનોના કુલ ૪ વિશાળ હરિમંદિર છે. મંદિર ઉત્તરાદાબારનું છે. મંદિરના દરવાજા ઉપર ભવ્ય ટાવર છે. મંદિરના આગળ સુંદર ચોક છે.અહીં શ્રીહરિ ઘણી વાર પધારેલા છે. અહીં શ્રીહરિના ચરણકમળથી પવિત્ર થયેલ પ્રસાદીનું જતનબાનું મકાન મંદિરથી નજીકમાં આવેલ માઢમાં જ છે, તેમજ ગામની બહાર પૂર્વ દિશામાં તળાવના કિનારે જ્યાં શ્રીહરિએ સભા કરી જ્ઞાનોપદેશ કરેલ તે જગ્યાએ હાલમાં છત્રી કરેલ છે અને તેની બાજુમાં કૂવો છે. તે કૂવામાં શ્રીહરિએ ગંગાજીને મૂર્તિમાન પ્રગટ કર્યા હતાં. તે કૂવો પણ પ્રસાદીનો મોજુદ છે.

## ડાંગરવામાં શ્રીહરિ

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્ત ચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૮૩માં પણ લખ્યું છે કે :

**ત્યાંથી આવ્યા ડાંગરવે દયાળ,**
**સગે સમૂહ મુનિ મરાળ ॥૩૬॥**
**એમ સત્સંગમાહિ ફર્યા,**
**કૈંક જીવને નિહાલ કર્યા ॥**
**જે જે વાટમાં આવે છે ગામ,**
**તે તે જનનાં સારે છે કામ ॥૩૭॥**

શ્રીહરિ જ્યારે જ્યારે ડાંગરવા પધારતા ત્યારે વેણીદાસભાઈ નામના ભક્ત શ્રીહરિને પોતાના ઘેર લઈ જઈ ઉત્સાહ પૂર્વક તેમની સેવા કરતા હતાં તથા અગરભાઈ આદિ ભક્તજનો પ્રેમપૂર્વક તે શ્રીહરિનું સેવન કરતા હતા. તેમજ જ્ઞાનાબાઈ, જતનબાઈ અને વજીબાઈ આદિક સ્ત્રીઓ પણ શ્રીહરિની દૂધ, દહીં, ઘી તથા ભાતભાતનાં મિષ્ટાન્ન ભોજન વગેરે વડે સેવા કરતી હતી.

## અમદાવાદ થી ડાંગરવા જવા

**રેલ્વેમાં કલોલ સ્ટેશનથી આગળ**
**બાય રોડ ૧ કલાક ને ૨૦ મિનિટ**
**અમદાવાદ એરપોર્ટથી ૧ કલાક ને ૪ મિનિટ**









### જતનબાઈને ઘેર પીરસણ લીલા કરતા હરિ

એક સમયે શ્રીહરિને ડાંગરવા જવાની તીવ્ર ઈચ્છા થઈ ત્યારે શ્રીહરિ ખોરજ ગામથી નીકળી વડસ્મા ગામને ઓળંગી ડાંગરવા જવાના રસ્તે વિશાળ ખારીવડ નીચે બિરાજમાન હતાં ત્યારે કરજીસણના ભક્ત શ્રી ગોવિંદજીભાઈએ કહ્યું કે તમો મારા કરજીસણ ગામમાં પધારો તો તમોને સર્વેને સાકરનો શીરો જમાડું, આ સાંભળી જતનબાઈ શ્રીહરિને કહેવા લાગ્યાં કે, હે પ્રભુ ! મારા ઘરે જો કે સાકરનો શીરો તો નથી તો પણ હે મહારાજ ! ભોજન કરનારા તમો સર્વેને દુધ, દહીં તથા ચોખા, ગોળ જેટલું જોઈએ તેટલું ઘી પણ જમાડું. આ પ્રમાણે કહી જતનબા શ્રીહરિને નમસ્કાર કરી તત્કાળ પોતાને ઘરે ગયાં. તે બાઈના ગયા બાદ સર્વે સંતો, બ્રહ્મચારીઓ અને ઘોડેશ્વારોને બોલાવી શ્રીહરિ બોલ્યા, તમારામાંથી એક એક જણો જો બે બે શેર ઘી ન ખાઈ જાઓ તો તમને મારા સોગંદ છે. આ પ્રમાણે તે સર્વેને આજ્ઞા કરી ભગવાન શ્રી હરિ ડાંગરવા ગામે પધાર્યા. તે ગામમાં શ્રીહરિ વેણીદાસભાઈના ઘરે નિવાસ કરી પછી સ્નાન કરી મુકુંદવર્ણિએ બનાવેલ થાળ જમી ત્યાંથી જતનબાઈના ઘેર ગયા. જતનબાઈના પુનિત આંગણામાં શ્રીહરિ શ્વેત ખેસને ખંભે નાખી પોતાની કેડ સંગાથે બાંધી હરિ કીર્તનોને ગાતા મુનિઓની પંક્તિમાં ઘી ભરેલું પાત્ર લઈ ઘી પીરસવા પધાર્યા.

પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન ગોળ અને ભાતથી ભરેલાં સર્વ મુનિઓનાં તથા સર્વ પાર્ષદોના પાત્રોમાં પુષ્કળ ઘી અખંડ ધારથી પીરસવા લાગ્યા અને બીજા સંતો દરેકના પાત્રોમાં સુંદર શાકો, અથાણાં વિગેરે જુદી જુદી વાનગીઓ પીરસવા લાગ્યા. ત્યાર બાદ શ્રીહરિ સર્વે મુનિજનોને કહેવા લાગ્યા કે, તમોને માર્ગમાં આવેલ ખારીવડ નીચે જે આજ્ઞા કરેલી તેને ધ્યાનમાં રાખી ખૂબ ઘી જમો અને મારી આજ્ઞાથી જે કંઈ ઘી આદિક પદાર્થો જમશો તે તમોને દેહમાં ક્યારેય પીડા નહિ કરે. આ પ્રમાણે વારંવાર સંતો, પાર્ષદોને ઉદ્દેશીને તેમની પંક્તિમાં ફરી ફરીને તેમના પાત્રોમાં ગોળ અને ઘી વારંવાર નાખવા લાગ્યા. શ્રીહરિ જતનબાને કહેવા લાગ્યા કે, હે મહા ભાગ્યશાળી ! જતનબા ! તમારૂં કલ્યાણ થાઓ. પછી ભગવાન શ્રીહરિ




મુનિઓને તૃપ્ત થયેલા જાણી હાથ-પગ ધોઇ મંચ ઉપર બિરાજ્યા. એવા સમયમાં જતનબાઇ સાકર, ઈલાયચી, કેસર, બદામ તથા અન્ય સુગંધીમાન પદાર્થોથી ભરેલું એવું ચાર શેર દૂધનું પાત્ર લઇ શ્રીહરિની સમીપે જઇને કહેવા લાગ્યા કે, હે ભક્ત વત્સલ પ્રભુ ! મારૂં ઘી ખુટાડવાનો સંકલ્પ તમોએ કર્યો પરંતુ ઘી તો ખૂટવાડ્યું નહિ. માટે, હે શ્રીહરિ ! આ દૂધ તો અવશ્ય પીવો. શ્રી હરિ તે દૂધ પીવાનો નિષેધ કરતા હતા પરંતુ જતનબાએ શ્રી હરિની વારંવાર પ્રાર્થના કરી તે દૂધ પાત્ર શ્રીહરિને બળજબરીથી આપ્યું. પછી તે જતનબાના ભક્તિ ભાવને આધિન થઇ શ્રીહરિ તે દૂધ સર્વેજનોને દેખતા પી ગયા. આવી સુંદર લીલા કરતા શ્રીહરિને જોવા માટે આવેલ સર્વે નર નારીજનો અતિ આનંદ પામ્યા. અને તે શ્રીહરિની પીરસણ લીલા જોવા આકાશમાં રહેલા દેવો પણ ખૂબ હર્ષિત થયા.પછી વેણીદાસભાઇ, શ્રીહરિને પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે, હે મહાપ્રભુ ! તમારા જ્ઞાનથી અમારો મોક્ષ જેમ થાય છે તેમ જ્ઞાન વગરના અમારા બાળકો જે મૃત્યું પામે છે તેમનું કલ્યાણ ક્યારેક થશે કે નહિ થાય ? ઉત્તર આપતાં શ્રી હરિએ જણાવ્યું કે હે વેણીદાસ ! વૈશ્ય જાતિના તમારા જે બાળકો મૃત્યું પામે છે તેમના કલ્યાણની ચિંતા તમારે ક્યારેય ન કરવી. કારણકે જે કોઇ વૈશ્ય ભક્તના ઘર ઉપર મારી દૃષ્ટિ પડેલી છે તે ઘર ઉપર થઇને જનાર ચકલી આદિ પક્ષીઓનું પણ કલ્યાણ મારે કરવું છે તો પછી મરતા તમારા બાળકોનું કલ્યાણ કરવું એમાં તો શું કહેવાનું જ હોય. એવી મારી દયા તમારા ઉપર છે તો તેમાં તમારે જરાયે ચિંતા કરવી નહિ.

ત્યાર પછી કોઇ એક સમયે શ્રીહરિ લાંઘણજ નામના ગામથી ડાંગરવા વેણીદાસ ભક્તના ઘરે પધાર્યા અને તે વેણીદાસભાઇના ઘરે શ્રી મુકુંદવર્ણીએ સુંદર થાળ તૈયાર કર્યો તે થાળ જમીને શ્રીહરિ બીજે દિવસે કોઇક ક્ષત્રિયાણી જતુબા નામનાં ભક્તને ઘેર પધાર્યા. પછી જતુબાઇએ ચંદન, પુષ્પહારથી શ્રીહરિની પૂજા કરી. ત્યાર બાદ જતુબા તથા તેમના ચાર પુત્રો અમરોજી વગેરે ખૂબ પ્રેમથી તે શ્રીહરિને એક સુંદર ઘોડી અર્પણ કરી. ત્યાર બાદ જતુબા પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિની પ્રાર્થના કરતાં કહેવા લાગ્યાં કે, હે પ્રભો ! તમે મારા જેવી ગરીબને ઘેર પધારી મારૂં ઘર પવિત્ર કર્યું તે બહુ સારૂં થયું. હે શ્રીહરિ, મારો દેહાંત સમય જ્યારે થાય ત્યારે તમો આવાને આવાજ મને દર્શન આપજો અને અંત સમયે મને તમારા ધામનું અવર્ણનીય સુખ આપજો.

ત્યારબાદ શ્રીહરિ યમુનાબાઇ નામનાં ભક્તને ઘેર પધારી રાત્રિમાં ત્યાં નિવાસ કર્યો. પછી તે રાત્રિ વિત્યા બાદ સવારમાં શ્રીહરિ ત્યાંથી કરજીસણ નામના પ્રસિધ્ધ ગામે પધાર્યા. ત્યાંથી ખોરજ, નારદીપુર, લાંઘણજ વિગેરે ગામોમાં ફરતા શ્રીહરિ પરમાત્મા ફરીથી ડાંગરવા ગામે પધાર્યા. વેણીદાસભાઇએ શ્રીહરિ તથા સંતોને સ્નાન કરાવી વાડીમાં સુંદર ભોજન કરાવ્યું. ભોજન કર્યા બાદ શ્રીહરિ તથા સંતો, પાર્ષદો શ્રી વેણીદાસભાઇના ઘેર પધાર્યા. વેણીદાસભાઇના ઘેર સભામાં વિરાજમાન થયેલા શ્રીહરિ કૃપા કરી અડધી રાત્રે ભક્ત બાઇઓને કહેવા લાગ્યા કે, હે જતનબા આદિ સ્ત્રીઓ ! તમારે જો મારી પૂજા કરવાની ઈચ્છા હોય તો હાલ જ તમો પૂજા કરો. આ સાંભળી સર્વે ભાવિક સ્ત્રીઓ પ્રેમપૂર્વક શ્રીહરિની પૂજા કરવા લાગી. પૂજામાં ચંદનનો અભાવ હોવાથી તે સ્ત્રીઓએ કેવળ કુકુંમના લેપનથી જ પૂજેલા તે શ્રીહરિ સવારે શયનમાંથી ઉઠી જતનબાને કહેવા લાગ્યા, કે હે ભક્ત બાઇ જતનબા !



તમારી ફોઈ અને તમે સર્વે સ્ત્રીઓએ રાત્રે પૂજા સમયે મારા શરીર ઉપર કરેલો કંકુનો લેપ સુકાવાથી રાત્રે મારા શરીરની ચામડી ખેંચાય છે. આ પ્રકારનું વચન કહેતા શ્રીહરિનું આખું શરીર મુકુંદવર્ણિએ ભીના વસ્ત્રથી ધીમે ધીમે લૂછી નાખ્યું.

કોઈ એક સમયે ગઢપુરથી નીકળેલા ભગવાન શ્રીહરિ ડાંગરવા ગામે પધાર્યા હતા. અને એકાંતવાસ ગ્રહણ કર્યો હતો.અને પાર્ષદ ભગુજીને જતનબા પાસે જઈ થાળ જમાડવા આજ્ઞા કરી. જતનબા સર્વ પાક સામગ્રી લઈ શ્રીહરિના સન્મુખ પવન વેગે જતા હતાં. તે જતનબાની પાછળ પાછળ બીજી પણ સ્ત્રીઓ જતી હતી. ત્યારબાદ જતનબાએ લાવેલા કાચા સિધાના શિવરામ વિપ્રે બનાવેલા પાકને સર્વ પદાતિઓ સાથે જમતા શ્રીહરિને સોના બાઈ કહેવા લાગ્યાં કે હે પ્રભો ! તમો અહીંયાં ગુપ્ત પણે રહો છો તેથી અમો પણ તમારી રક્ષા કરીશું. ત્યારે સુખસિન્ધુ શ્રીહરિ તે સોનાબાઈને કહેવા લાગ્યા કે હે સોનાબાઈ ! તમો પોતપોતાના ઘરે જાઓ તમારા ગામમાં હું પાછળથી આવીશ. તે સોનાબાઈને આ પ્રકારનું વચન કહેતા તે શ્રીહરિ જમીને તૃપ્ત થયા.આ પ્રમાણે શ્રીહરિએ પોતાના ચરણાંકિત વડે ડાંગરવા ગામની ભૂમિને ખૂબ ખૂબ પવિત્ર કરી છે. વળી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ ''ભક્તચિંતામણી'' નામના ગ્રંથમાં ડાંગરવાનાં ભક્તોનાં નામ પ્રકરણ ૧૧૯માં નીચે પ્રમાણે જણાવ્યાં છે.



**કણબી ભક્ત વેણીદાસ વળી,**
**ભાવસંગ નરોત્તમ મળી ॥૭૩॥**
**જતન રળિયાત વજિજન,**
**કર્યું કણબી કુળ પાવન ॥**
**ક્ષત્રિ ભક્ત પ્રતાપજી નામ,**
**ઉમેદજી અગ્રોજી અકામ ॥૭૪॥**
**થાનોજી બનોજી હરિજન,**
**દલુજી અમરોજી પાવન ॥**
**શેઠ સાંકલચંદ મુલચંદ,**
**હરિજીવન અવલનંદ ॥૭૫॥**

એહ આદિ ભક્ત બાઈ ભાઈ, વસે ગામ ડાંગરવામાંઈ ॥ આ પ્રમાણે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ ડાંગરવાના ભક્તજનોના નામ ''ભક્તચિંતામણી'' ગ્રંથમાં વર્ણવ્યાં છે.

## ભક્ત વેણીદાસનો સંકલ્પ :-

એક સમયે શ્રીહરિ ડાંગરવા ગામમાં વેણીદાસ ભક્તને ઘેર વાસ કરતા હતા, તે સમયે વેણીદાસ ભક્તને પોતાના મનમાં જે સંકલ્પ થયો કે જમીનમાં વાવવા યોગ્ય જેટલું ધાન્ય મારે જોઈએ તેટલું જ મારા ઘરમાં છે પણ તેથી અધિક નથી. તેથી આ શ્રીહરિ ભગવાન અહીંથી હવે બીજે સ્થળે પધારે તો બહુ જ સારૂં થાય. આ પ્રમાણેનો વેણીદાસનો સંકલ્પ શ્રીહરિએ અંતરમાં જાણી તે વેણીદાસને શ્રીહરિ કહેવા લાગ્યા, કે હે ભક્ત વેણીદાસ ! તમારે તમારા હૃદયમાં આવો અઘટિત સંકલ્પ ન કરવો જોઈએ. કારણકે હું કેવો છું તે તમે સાંભળો. જે પુરૂષનું પત્ર, ફળ, અન્ન, જળ તથા દૂધ હું જમું છું. તેના ઘેરથી અનાજ ક્યારે પણ ખૂટતું નથી પરંતુ તે પુરૂષનું ધન ધાન્યાદિ પ્રતિદિન વધતું જ જાય છે એવો હું છું. માટે તમો એવો સંકલ્પ ન કરશો. કારણ કે હે ભક્ત વેણીદાસ ! હું કલ્પવૃક્ષ સમાન છું, તેથી તમો ખરાબ સંકલ્પો કરો તો તમારા ઘરમાં પણ તે પ્રમાણે થાય અને તમારા ઘરમાં મારી કૃપાથી ધનધાન્ય પ્રતિદિન ખૂબ વધતું જ જશે.

## જતનબાની આત્મનિષ્ઠા :-

એક વખત ગઢડા ગામથી ઉત્તરદિશામાં જીવાખાચરની વાડીમાં શ્રીજી મહારાજે ઉતારો કર્યો હતો. ત્યાં શ્રીહરિ ઢોલિઓ ઢળાવીને બિરાજમાન હતા. ત્યાં જતનબાઈ આવ્યાં ને બે હાથ જોડી પગે લાગી સામું જોઈ ઉભાં રહ્યાં. તે જોઈ શ્રીજી મહારાજે પૂછ્યું કે તું કોણ છું ? ત્યારે જતનબાઈએ જવાબ આપ્યો, કે હે મહારાજ ! હું આત્મા છું. મહારાજ કહે કે

તું દેહ નહિ ? ત્યારે જતનબાએ કહ્યું કે, હું દેહ નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે દેહને કોઇ કાપે કે બાળે તો કેમ થાય ? ત્યારે જતનબાઇ બોલ્યાં, ભલે ને બાળે. આ સાંભળી તેમની દૃઢતા જોવા મહારાજે તેમનો હાથ ઝાલીને હાથ પર દેવતા મૂક્યો. ત્યારે તે બાઇતો મહારાજ સામું જોઇ રહ્યાં. મહારાજે પૂછ્યું કેમ છે ? ત્યારે તે બાઇ બોલ્યાં, ભલે ને બળે મારે ને દેહને ક્યાં સહિયારો છે. આવી શૂરવીરતા ને આત્મનિષ્ઠા જોઇ મહારાજે તેમના હાથ પરથી દેવતા ઉતારી નાખ્યો. સંવત ૧૮૬૯ના દુકાળના વર્ષમાં જતનબાએ શ્રીહરિ તથા સંતોને પોતાના ઘેર રાખી ઘણી સેવા કરી હતી. આવો શ્રીહરિને વિષે જતનબાનો પ્રેમભાવ હતો.

એક વખત શ્રીજી મહારાજ ડાંગરવા પધાર્યા હતા. અને જતનબાએ થાળ કર્યો હતો તે મહારાજ જમવા બેઠા હતા અને મહારાજને પીરસીને જતનબાઇ બહાર હાથ ધોવા આવ્યાં. તે વખતે જતનબાઇના બાપ બોલ્યા જે દીકરી જતન મહારાજ જો જાતા હોય તો જાવા દે જે હવે બોઇએ એટલું જ રહ્યું છે. (એટલે કે અનાજ વાવે તેટલું જ રહ્યું છે) પછી થાળ જમીને મહારાજ બહાર પધાર્યા અને કરજીસણના ગોવિંદ પટેલ ત્યાં હતા તેમને મહારાજે પૂછ્યું જે આ પટેલ શું કહેતા હતા ? ત્યારે પટેલ કહેવા લાગ્યા કે, મહારાજ ! જતનને હું કહેતો હતો કે મહારાજ જતા હોય તો જવા દે હવે રોકીશ નહીં, કારણકે બોઇએ તેટલું રહ્યું છે. પછી મહારાજ કહે ચાલો તમારા કોઠીયારાના ઓરડામાં જોઇએ કેટલાક દાણા છે. પછી મહારાજ તથા જતન બાઇના બાપા તથા જતનબાઇ એ ત્રણે જણાં ગયાં તેમાં સાત કોઠીયો મોટી ખાલી પડી હતી. તે સાથે કોઠીને મહારાજે સોટી અડાડીને કહ્યું જે આ ભરી છે અને આ પણ ભરી છે એમ દરેક કોઠીને સોટી અડાડીને કહ્યું, પછી જ્યાં જુએ ત્યાં તો સાતે કોઠીઓ ડાંગરની ભરેલી હતી. આવો મહિમા અદ્‌ભુત ચમત્કાર શ્રીહરિએ ત્યાં દેખાડ્યો.

### ડાંગરવામાં શ્રીજી મહારાજે ગંગાજી કરી આપ્યાં :-

એક સમયે શ્રીજી મહારાજ ગામ ડાંગરવા પધાર્યા હતા અને ત્યાંના હરિભક્ત રજપૂત ડાભીભાઇને ત્યાં ઉતર્યા હતા. તે વખત તે ગામમાં એક સારાં હરિભક્ત બાઇ હતાં. તેમણે મહારાજને કહ્યું કે, હે મહારાજ ! ગંગાજી ન્હાય તેનું કલ્યાણ થાય. ત્યારે મહારાજ કહે, તમારા ગામને પાદર કૂવો છે તેમાં ગંગાજી આવવાનાં છે. તે માટે ઢોલ તથા શરણાઈયોવાળાને બોલાવો ને વાજતે ગાજતે મહારાજ, સંતો, પાર્ષદો તથા હરિભક્તો તે કૂવે ગયા. પછી મહારાજે તે કૂવામાંથી એક પાણીનો ઘડો ભરાવીને પોતાના જમણા ચરણને કૂવાના કાંઠા ઉપર રાખી તે ઉપર ઘડામાંથી પાણીની ધાર કરાવી તે બધું પ્રસાદીનું પાણી કૂવામાં ગયું. પછી મહારાજ બોલ્યા જે, ''અમારા અવતાર વામનજીએ એક અંગૂઠો બોળ્યો હતો તેમાં ગંગા થયાં છે ને અમો તો સર્વ અવતારના અવતારી છીએ તેથી તમારે આ મોટી ગંગા થઈ. માટે આજથી આ કૂવાનું નામ ગંગાજળિયો કૂવો રાખવું.'' એમ કહી કૂવાને પ્રસાદીનો કરીને સહું સાથે પાછા વાજતે ગાજતે ગામમાં પધાર્યા.


આ પ્રમાણે શ્રીહરિએ ડાંગરવા ગામમાં પોતાનો ઐશ્વર્યપ્રતાપ જણાવી અનેક જનોનો ઉદ્ધાર કર્યો છે. સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ પણ ''શ્રી હરિચરિત્રામૃત'' નામના ગ્રંથમાં અ. ૩૫માં ડાંગરવા ગામની પવિત્ર ભૂમિનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છેઃ-

**આવ્યા ડાંગરવે દીનબંધુ, કરૂણાના નિધિ સુખ સિંધુ ॥**
**ડોશી જતનબાઇને ઘેર, ગયા પુરૂષોત્તમ કરિ મેર ॥૪૪॥**
**દહિં, દૂધની રેલ મચાવી, સંત ખુબ જમાડ્યા તેડાવી ॥**
**ડાભી અમરો અગરોજી નામ, એહ આદિ બિજા સુખધામ ॥૪૫॥**
**સુખ આપ્યું રહિ ઘણા દન, પછે ચાલિયા પોતે જીવન ॥**
**વિસનગર ગયા સુખકંદ, જમી દાસને આપી આનંદ ॥૪૬॥**

આવી રીતે ડાંગરવા ગામને શ્રીહરિએ અત્યંત પ્રભાવશાળી કરેલ છે અને આ ગામમાં પોતાનું બિરૂદ સ્થાપી પોતાના ભક્તજનોને અવર્ણનીય સુખ આપી અક્ષરધામના અધિકારી બનાવ્યા છે.



શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ





# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



ફરી એક વખત આપણે સૌ કોરોના કાળમાં સપડાયા છીએ અને મંદિર તથા આપણું મ્યુઝિયમ પણ દર્શનાર્થે બંધ કરવું પડ્યું છે. સોશિયલ મિડિયામાં આપણને વિચલિત કરી નાંખે તેવી પોસ્ટનો અતિરેક જોવા મળે છે. અરે ! કોઈના જન્મદિનનો ફોટો મૂકીએ તો પણ લોકો જોયા વગર નીચે કોમેન્ટમાં ‘‘ઓમ શાંતિ’’ અને ‘‘રીપ’’ મૂકી દે છે. પરંતુ જેને શ્રી નરનારાયણ દેવ અને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં દ્રઢ નિશ્ચય છે તે આ બધાથી અલિપ્ત રહી આ કપરાકાળને નિર્ગમવામાં લેશ માત્ર વિચલિત થતા નથી.

આવો દ્રઢ નિશ્ચય ડાંગરવાના જતનબાને શ્રી હરિનો હતો.વિક્રમ સંવત ૧૮૬૯ના દુકાળનાં વર્ષમાં શ્રી હરિ ડાંગરવામાં જતનબાના ઘેર એકાંત સ્થળે બેસી બ્રાહ્મણ પાસે ભગવાન સબંધી કથા વંચાવતા હતા. અને સોમલાખાચર તથા મુકુંદવર્ણીની હાજરીમાં જતનબાને બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન આપ્યું હતું તથા દેહ પડ્યા બાદ આવા ઉત્તમ સ્ત્રી ભક્તને રાધિકા તુલ્ય કરૂછું તેમ કહી જતનબાની પ્રશંસા કરી ત્યારે જતનબાએ મહારાજને પ્રાર્થના કરી કે હે ! મહારાજ જગતના કલ્યાણ કારી મહાપ્રભુ આપજ સર્વે જીવનું પોષણ કરનારા છો તો કૃપા કરી જળ વરસાવી સૌ જીવ પ્રાણી પ્રત્યે કૃપા કરો. અને એ જ રાત્રીએ ખૂબ વરસાદ થયો અને સૌ જીવ મહા સુખિયા થઈ ગયા. જતનબાના ઘેર શ્રી હરિએ દૂધ, દહીં અને ઘી પીરસવાની લીલા કરી હતી. તે સત્સંગમાં ખૂબ પ્રચલિત છે. ડાંગરવામાં જતનબાના ઘેર જમવામાં તથા પીરસવામાં વપરાશમાં લીધેલ વાસણો આપણા મ્યુઝિયમનાં હોલ નંબર -૯માં દર્શનાર્થે મૂકવામાં આવેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "મનને ધ્યેય પ્રમાણે વાળી શકાય છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

"સૌથી અઘરી વસ્તુ શું છે ? તો મહારાજે વચનામૃતમાં કીધું છે ને કે ભગવાનની મૂર્તિનું અખંડ ધ્યાન રહેવું. જો આ વસ્તુ પ્રાપ્ત થઈ જાય તો કોઈ પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. જે ભક્ત આ સ્થિતિને પામી જાય છે **તેને જીવ શું છે ? માયા શું છે ? ઈશ્વર શું છે ? તે બધું જાતે આવડી જાય છે. અર્થાત્ સાચા સ્વરૂપનું જ્ઞાન સહેલાઈથી પ્રાપ્ત થઈ જાય છે.** તો આપણે ભગવાનનું ધ્યાન કરવા બેસીએ તો મુખ્ય નડતરરુપ શું છે ? તો આપણું મન. કેમ કે ? મનમાં તરત જ વિચારોના વમળ ચાલું થઈ જ જાય છે. તો એ શું છે ? તો માયા છે. તો માયા ઉપર જુદા જુદા શાસ્ત્રોમાં લાંબુ લાંબુ કેટલું બધું લખેલું છે. પણ આપણા ઈષ્ટદેવ માયાની ટૂંકમાં ટૂંકી વ્યાખ્યા આપીને સમજાવી દીધું છે કે : **ભગવાન ભજતા જે પદાર્થ આડું આવીને 'આવરણ' કરે તે 'માયા' છે.** તો કેટલું સહેલું કરી દીધું છે મહારાજે. તો આપણે લાંબુ કાંઈ સમજવાની જરૂર જ નથી. આપણને ભગવાન સિવાય બીજા જે કાંઈ વિચાર આવે છે તે બધું જ 'માયા' છે. દા.ત. ટી.વી. જોવાની ઈચ્છા થાય છે પછી ધારો કે મંદિરે જવાની ઈચ્છા થાય તો એવું થાય છે કે આજે કાંઈ નથી જવું કાલે જઈ આવીશું. ધ્યાન કરવા બેસીએ તો ઉંઘ આવી જાય છે. તો **મન સ્થિર કેવી રીતે થાય ? તો મન 'જ્ઞેય' છે અને આપણે 'જ્ઞાતા' છીએ.** તો 'જ્ઞેય' એટલે જોવાની વસ્તુ (અર્થાત્ વિચારો) અને 'જ્ઞાતા' એટલે જાણનાર આપણે પોતે 'આત્મા' તો આપણે ધ્યેય નક્કી કરી રાખવાનું કે જે પણ કાર્ય કરીએ તે કરતા કરતા ભગવાનમાં મનની વૃત્તિ રાખવી છે. મહારાજે વચનામૃતમાં કીધું છે કે હરતા ફરતા દરેક કાર્ય કરતા જો ભગવાન યાદ આવશે, મનની વૃત્તિઓ ભગવાનમાં રહેશે તો જ ધ્યાન કરવા બેસો ત્યારે વૃત્તિ મહારાજમાં રહેશે. **તો જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થામાં સતત ભગવાનમાં વૃત્તિ જોડાઈને રહે તે અઘરું છે. પણ અશક્ય નથી. કોઈ પણ વસ્તુ અશક્ય નથી. પરંતુ ધ્યેય નક્કી કરવું પડે. પછી એ ધ્યેય પ્રમાણે ચાલવું પડે.** આપણે ભણતા હોઈએ ત્યારે પાસ થવું હોય તો જ્યાં સુધી ગોખાઈના જાય ત્યાં સુધી વાંચવાંચ કરીએ છીએ. ૯૦% ના આવે તો કાંઈ નહિ પાસ તો થવું જ પડે. તો પાસ થઈએ તેટલું તો વાંચી જ લેવાનું. એવી બીક રહેતી હતી કેમ કે ? પાસ થવાનું લક્ષ્ય બાંધેલું હતું. તેમ લક્ષ્ય નક્કી હોવું જોઈએ કે મહારાજનું અખંડ સ્મરણ રાખવું જ છે. એવું નક્કી કરશું તો મહારાજમાં ઓતપ્રોત થઈ જવાશે. પણ તેના માટે નિર્ણય પાકો રાખવાનો છે કે **મનમાં જે માયા સંબંધી વિચારો આવે છે. તેમાં ભળવાનું નથી. આપણે મજબૂત રહીએ તો મનનું ચાલે એવું નથી. મનને ધ્યેય પ્રમાણે વાળી શકાય છે. કેમ કે ? મન 'જડ' છે. અને આપણે 'ચેતન' છીએ. 'ચેતન' એટલે 'આત્મા' અને આત્માની શક્તિ અનંત છે.** તો શું કરવાનું ? તો મનની જોડે વાતો કરવાની. મિત્રતાની જેમ સમજાવીને કામ લેવાનું. છતાં બહુ વિચારો આવે અને વાત જો આપણા હિતની ના હોય તો એ વિચારોમાં ભળવાનું નહિ. વિચારોને જોયા કરવાના. જુદા રહીને એમ જોયા કરવાથી વિચારોને

આધાર ના મળે એટલે વિચારો ખરતા જાય છે. થોડો દૃઢ સત્સંગ થયા પછી સત્સંગી માટે આ કામ મુશ્કેલ નથી. તો એમ મોક્ષ પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો છે. **મન તો અભિપ્રાયોનું સંગ્રહસ્થાન છે. અનંત જન્મની મનોગ્રંથીઓ સુષુપ્ત અવસ્થામાં કારણ શરીરમાં પડેલી જ હોય છે. તે બહાર જ્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધા સંજોગો ભેગા થાય ત્યારે મનની ગાંઠો ફૂટે છે.** તેને વિચારો સ્વરૂપે જોઈ શકાય છે. અને એમાં ભળીએ નહિ તો જુદા રાખી શકાય છે. ના ગમતા વિચારોમાં વાંધો આવતો નથી. પરંતુ ગમતા વિચારોમાં એકાકાર થઈ જવાય છે. ત્યાં જાગૃતિ મૂકવાની છે. કેમ કે? તે વિચારો આપણા ઉપર સવાર થઈ જાય છે. **ત્યાં મનને ગણવાનું નહિ. ધ્યેયથી વિરૂદ્ધ નહિ જવાનું. એકવાર નક્કી કર્યા પછી પોલ નહિ મારવાની. મન નિર્ગ્રંથ થાય ત્યારે જ વિચારો બંધ થાય છે. પરંતુ મન નિર્ગ્રંથ થાય તે બહુ આગળની સ્થિતિ છે. માટે અત્યારે આપણે આ રીતે જ પુરુષાર્થ કરવો પડશે કે મનના કહ્યા પ્રમાણે નહિ પણ ધ્યેય પ્રમાણે જ જીવન જીવવાનું** અને શાસ્ત્રમાં સમાધિ બતાવી છે તો સમાધિ એટલે શું ? તો સમાધિ એટલે ભક્તની ઈચ્છા થાય ત્યારે કોઈપણ પ્રકારના અવરોધ વગર પોતાની મરજી પ્રમાણે ભક્ત છે તે ભગવાનના ધામનું દર્શન કરી શકે છે. કુશળ કુંવરબાએ શું કર્યું હતું ? તો ભગવાને જ્યારે જવા માટે રજા માગી ત્યારે ભગવાનને બેસાડીને એવી રીતે દર્શન કર્યા કે એ દર્શન ક્યારેય પોતાના ચિત્તમાંથી નીકળે નહિ. ચિતવૃત્તિમાં મહારાજની મૂર્તિ ઉતારી દીધી ત્યારે સમાધિની સ્થિતિ આવી ગઈ અને આપણે તો બે કલાક અહિંયા કથામાં પણ બરાબર ધ્યાન રહેતું નથી. તો કેમ ? તો આપણને એટલું કથાનું મહત્વ સમજાયું નથી તેમજ આપણને એટલો મહારાજનો મહિમા પણ સમજાયો નથી માટે મહારાજમાં પણ એટલો પ્રેમ નથી. જો આપણી કોઈ ખાસ બહેનપણી હોય જેની સાથે આપણો એકદમ નજીકનો સંબંધ હોય તો આપણને બધી ખબર હોય છે. તેને આ ગમશે. તેના ચહેરા પર આ સારુ લાગશે. રોજ કેટલા બધા ચહેરા જોઈએ છીએ તો પણ એનો ચહેરો ભૂલાતો નથી. કેમ કે ? **યાદશક્તિ રાગ-દ્વેષને આધીન છે. અને ત્યાં આપણને વધારે રાગ છે. તેથી તે સહેજે યાદ રહે છે. તો એવી રીતે ભગવાનમાં પણ સૌથી વધારે રાગ રાખવાનો. શુધ્ધ પ્રેમ રાખવાનો. દર્શન કરતો હોઈએ ત્યારે અતિશય શુધ્ધ પ્રેમથી નિષ્કામ ભાવથી કરવાના.** ધીમે ધીમે બધું થાય છે. કાંઈ અશક્ય નથી. તેના માટે પ્રયત્ન કરવો પડે છે. આપણે દિવસમાં કેટલી બધી વસ્તુ સાંભળીએ છીએ તેમાથી યાદ કેટલું રહે છે. તો એમાંથી જે જે વસ્તુને આપણે યાદ રાખવાની ઈચ્છા હોય છે તે જ યાદ રહે છે. તો જ્યારે દર્શન કરો ત્યારે આપણું મન, મગજ, ચિત્તની બધી વૃત્તિઓ બધુ જ ભગવાનમાં જ જોડાયેલું હોવું જોઈએ. સંપૂર્ણ મૂર્તિને હૃદયમાં ઉતારી લેવાની. આપણી બુદ્ધિ કેટલી બધી છે. ક્યારેય સાંભળ્યું છે કે બધું ભરાઈ ગયુ છે. જગ્યા નથી આવું આપણે થાય છે ? મોબાઈલમાં કોમ્પ્યુટરમાં આવું થાય છે. માટે આપણું મગજ અસિમિત છે. જેટલું વાપરીએ એટલું આપણું જ્ઞાન વધતુ જાય છે. ભગવાને આપણને એટલી બધી મેમરી આપી છે કે તે ક્યારેય ભરાઈ જવાની નથી. જેટલી ઈચ્છા કરો એટલું બધું યાદ રાખી શકો છો.

આપણે અનાજ સાફ કરીએ છીએ તો એમાંથી કચરો ફેંકી દઈએ છીએ અને ઉપયોગ કરવા જેવું હોય તે જ રાખીએ છીએ. તેમ સાંભળવા જેવું હોય તે જ સાંભળો ખાલી જાણી લઈએ શું છે. એવી રીતે હાથે કરીને ખરાબ ન સાંભળો. જે વસ્તુ આપણને નડતરરૂપ છે તે ભૂલી જવાનું મગજમાંથી ખાલી કરી દેવાનું. જરૂરની વસ્તુ નથી તે આપોઆપ નીકળી જશે. ન સાંભળવા જેવું ન જોવા જેવું હોય ત્યાંથી મગજ ખસેડી લેવાનું. ધ્યાન નહિ આપવાનું. તો તરત નીકળી જશે. અઘરુ નથી બધું થઈ જાય છે. તો તમને બધાને મહારાજ ખૂબ શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

### કાલુપુર મંદિરમાં શ્રી રામનવમી - શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુંદર માર્ગદર્શન પ્રેરણાથી તેમજ વર્તમાન કોરોનાની મહામારીને લક્ષમાં લઈ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ચૈત્ર સુદ-૯ના સર્વોપરી અવતારના અવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ખૂબજ સાદગી પૂર્ણ રીતે ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે અક્ષર ભુવનમાં વિરાજમાન બાળ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક વિધિવતરીતે સંપન્ન થયો હતો. ત્યારબાદ સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પૂજારી સ્વામીએ સુંદર અલૌકિક વાઘા ધરાવીને સૌને અલૌકિક દર્શન કરાવ્યા હતા.

બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનના પ્રાકટ્યોત્સવની આરતી થઈ હતી.

પ્રસાદીના સભા મંડપમાં સરકારની માર્ગદર્શિકા અનુસાર સંતોએ કીર્તન ભક્તિ ધૂન ભજન કર્યા હતા.

બરાબર રાત્રે ૧૦-૧૦ ઘડીએ સર્વોપરી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાકટ્યોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતઃકરણ પૂર્વક પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિને આવા મહાભયંકર કોરોનાથી સર્વ જીવ માત્રનું રક્ષણ થાય અને સમગ્ર દેશ કોરોના મુક્ત બને તેવી પ્રાર્થના કરી હતી. (ચંપકભાઈ - કોઠાર ઓફિસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામનો ૧૯૫ મો વાર્ષિક પાટોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્ત પધરાવેલ મહાપ્રતાપીદેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૫ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શ્રી શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના શુભ માર્ગદર્શન પ્રમાણે તા. ૪-૪-૨૦૨૧ ફાગણ વદી-૮ રવિવારના દિવસે શાસ્ત્રોક્ત વિધિવિધાન અનુસાર સંપન્ન થયો.

તા. ૩-૪-૨૦૨૧ના રોજ સવારે ૯-૦૦ કલાકે વિદ્વાન ભૂદેવો દ્વારા વિષ્ણુયાગનો પ્રારંભ થયો. અને તા. ૪-૪-૨૦૨૧ ના સવારે ૧૦-૩૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ.

પાટોત્સવના દિવસે ફાગણ વદ-૮ ના સવારે ૫-૩૦ થી ૭-૦૦ કલાક સુધી ઠાકોરજીનું પૂજન અર્ચન અને ૭-૦૦ થી ૭-૩૦ સુધી મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર થી મહાભિષેક કરવામાં આવ્યો. સવારે ૮-૦૦ કલાકથી ૧૧-૦૦ કલાક સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની સુંદર ધૂન સંતો-હરિભક્તોએ સોશિયલ ડિસ્ટન્ટ સાથે બેસી કરી હતી. ૧૧-૦૦ કલાકે ઠાકોરજી સમક્ષ છપ્પન ભોગ-અન્નકૂટ ધરાવીને આરતી કરી હતી. સમગ્ર પાટોત્સવના યજમાન પ.ભ. ભાઈચંદભાઈ ચતુરભાઈ પટેલ, પ.ભ.શ્રી રાજેન્દ્રભાઈ ભાઈચંદભાઈ પટેલ તથા સમગ્ર પરિવાર, મરતોલીવાળા (હાલ વડોદરા)એ અલૌકિક લાભ લીધો હતો. (મહંત કે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા ૧૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સદ્. મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી ઘાટલોડિયા શ્રી સ્વામિરાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીના ૧૪ માં પાટોત્સવનું તા. ૨૩-૩-૨૧ ના રોજ સુંદર આયોજન થયું હતું.

પ.ભ. ધર્મેશભાઈ કાનજીભાઈ પટેલ યજમાન પરિવારે ઠાકોરજીના અભિષેકનો લાભ લીધો હતો. ત્યારબાદ ઠાકોરજીને અવનવી વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પ્રાસંગિક સભામાં મહંતશ્રી નાના પી.પી. સ્વામી અને દેવ સ્વામીએ કથાવાર્તા કરી હતી. તથા આગામી શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ પર્વની રૂપરેખા સમજાવી હતી. જેમાં સૌને જોડાવા અનુરોધ કર્યો હતો. (કોઠારીશ્રી - ઘાટલોડિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ ૩૬ મો (ભાઈઓનું) અને ૨૨ મો (બહેનોનું) પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ ભાઈઓના મંદિરનો ૩૬ મો અને બહેનોના મંદિરનો ૨૨ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના યજમાન પ.ભ. પટેલ બળદેવભાઈ શંકરભાઈ આદિ પરિવારે ઠાકોરજીના અભિષેકનો લાભ લઈ ખૂબજ કૃતાર્થ થયા હતા. અન્નકૂટના યજમાન પ.ભ. પટેલ દશરથભાઈ કાનજીભાઈ (ગવાડા) પરિવાર રહ્યાં હતા.

પ્રાસંગિક સભામાં ગાંધીનગર મંદિરના મહંતશ્રી પી.પી. સ્વામીએ શ્રી નરનારાયણદેવના આગામી ૨૦૦ માં પાટોત્સવ પર્વની રૂપરેખા સમજાવી હતી. જેમાં સૌ ભક્તજનોને તમામ પ્રકારની સેવામાં જોડાવા અનુરોધ કર્યો હતો. અન્ય સંતોમાં મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ) અને પૂજારી દેવ સ્વામી (ગાંધીનગર) આદિ સંતો પધાર્યા હતા. (પટેલ રમેશભાઈ ભક્તિભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ ફુલદોલોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ ખાતે ફાગણ સુદ-૧૫ હોળીના પુણ્ય પર્વ પ્રસંગે ઝુંડાલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આપણા આગામી શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ પર્વના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવનું ઠાકોરજી સમક્ષ સુંદર આયોજન કર્યું હતું.

કાલુપુર મંદિરમાં શ્રીહરિ સંત-હરિભક્તો સાથે ફુલદોલોત્સવ - રંગે રમ્યા હતા તેની આબેહૂબ રંગપુરણી રજુ કરવામાં આવી હતી. સમસ્ત ગામના હરિભક્તોએ ખૂબજ રસ લઈ પ્રસંગને દિપાવ્યો હતો. (હિતેષ પટેલ - શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ઝુંડાલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા ૯૦ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (નારણપુરા)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવાનો ૯૦ મો વાર્ષિક પાટોત્સવ કોરોના મહામારીના કારણે સાદગીપૂર્ણ ઉજવાયો. ટીનાભાઈ મહારાજે સવારે ઠાકોરજી સમક્ષ મહાપૂજા વિધિવત રીતે કરાવી હતી. જેમાં મુખ્ય યજમાન ચૌધરી મોહનભાઈ દલસંગભાઈ

પરિવાર રહ્યા હતા. ત્યારબાદ અ.નિ. લક્ષ્મણભાઈ જીવાભાઈ ચૌધરી પરિવારે ધજાનું પૂજન કરી ધન્ય બન્યા હતા. નારાયણપુરા મંદિરથી મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. સવારે ઠાકોરજીનો અભિષેક માણસા મંદિરના મહંત સ્વામીએ કર્યો હતો. ચૌધરી મંજુલાબેન મણાભાઈ કાળાભાઈ તરફથી સૌને મહાપ્રસાદ જમાડવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવાએ પ્રેરણારૂપ સેવા કરી હતી. (કોઠારીશ્રી બાલવા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (બ્લેક ટાઉન) ૧૬ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (બ્લેક ટાઉન) નો ૧૬ મો પાટોત્સવ તા. ૨ એપ્રિલ થી તા. ૪ એપ્રિલ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો.

પ્રથમ દિને કથા પ્રસંગે પોથીયાત્રા યોજવામાં આવી હતી. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ ચિન્હચિંતામણીની ત્રિદિનાત્મક કથાનું રસપાન કરાવ્યું હતું. કોવિડ-૧૯ ના કારણે આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતો પધાર્યા નહતા.

પરંતુ ઓનલાઈન દ્વારા તેઓશ્રી હરિભક્તો સાથે સંપર્કમાં રહી ને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રથમ દિવસે આપણી નાની દીકરીઓએ સુંદર નંદ સંતોના કીર્તન તથા નૃત્ય રજૂ કર્યું હતું. બીજા દિવસે સવારે વિષ્ણુયાગ અને સાંજે બાળકો દ્વારા અંધશ્રધ્ધા ઉપર નાટક રજૂ કર્યું હતું. ત્રીજા દિવસે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક - અન્નકૂટ આરતી થઈ હતી. સાંજે સૌ હરિભક્તોએ ઠાકોરજીનો રાજોપચાર કર્યો હતો. આ પ્રસંગ દરમ્યાન આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સીડનીના સર્વે હરિભક્તોની સુખાકારી અને વિશેષ પ્રગતિ અને સર્વનું મંગળ અને રૂડું થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. કોવિડ-૧૯ ના કારણે ઘણા લાંબા સમયબાદ આવો મોટો ઉત્સવ ઉજવાયો હતો. દરેક હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

સૌએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે સમગ્ર વિશ્વ કોરોનાથી મુક્ત બને અને સર્વેની મહારાજ રક્ષા કરે અને આવા ઉત્સવોનું આયોજન થયા કરે તેવી પ્રાર્થના કરી હતી. (પ્રિતેશ કેશવ - સીડની)

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

### BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ફાગણ સુદ-૧ | પટેલ શિવેન મૌલિક (મગસ) | સાબરમતી |
| ફાગણ સુદ-૧ | પટેલ શનિ ડેની (મોહનથાળ) | કુડાસણ |
| ફાગણ સુદ-૧ | અ.નિ. પટેલ ગોવિંદભાઈ પરસોતમભાઈ (મગસ) | નગાસર |
| ફાગણ સુદ-૧ | પાટોત્સવની રસોઈ | |
| ફાગણ સુદ-૧ | પટેલ વ્યોમ બ્રિજેશ (દુધપાક પુરી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧ | ડૉ. અશોકભાઈ બી. મોદી (મોહનથાળ) | બાપુનગર |
| ફાગણ સુદ-૨ | પટેલ લાલજીભાઈ ગણેશભાઈ (ચુરમાના લાડુ) | ભાઉપુરા |
| ફાગણ સુદ-૨ | પાટોત્સવની રસોઈ | |
| ફાગણ સુદ-૨ | અ.નિ. સુખડીયા પરસોત્તમભાઈ કુરજીભાઈ (બુંદી) | નિકોલ |
| ફાગણ સુદ-૩ | અ.નિ. પટેલ મૌલિકકુમાર જયપ્રકાશ ભોળીદાસ (કાજુબદામ મૈસુબ) | રિદ્રોલ |
| ફાગણ સુદ-૩ | પટેલ દેવાંશ અને હિમાલી કલ્પેશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૩ | અ.નિ. શાંતાબેન રાધવભાઈ (ચુરમાના લાડુ) | આસોદર |
| ફાગણ સુદ-૩ | વેકરીયા ગોપાલભાઈ કાનજીભાઈ (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ફાગણ સુદ-૩ | વરસાણી લાલજી દેવસી (મગસના લાડુ) | સુખપર-કચ્છ |
| ફાગણ સુદ-૩ | વેકરીયા રામજી દેવજી (મોહનથાળ) | નારાયણપર-કચ્છ |
| ફાગણ સુદ-૪ | ગં.સ્વ. તારાબેન હિરાલાલ પટેલ (બુંદીના લાડુ) | સાંપડ |
| ફાગણ સુદ-૪ | અ.નિ. વેલજી ગોવિંદ વાઘજીયાણી (બુંદીના લાડુ) | નારાયણપર-કચ્છ |
| ફાગણ સુદ-૪ | અ.નિ. રાધાબેન વેલજી વાઘજીયાણી (બુંદીના લાડુ) | નારાયણપર-કચ્છ |
| ફાગણ સુદ-૫ | પટેલ સુમિલભાઈ ભીખાભાઈ (મગસ) | વડુ |
| ફાગણ સુદ-૫ | વાઘજીયાણી હિરજી વેલજી | |
| ફાગણ સુદ-૫ | અ.નિ. પ્રેમિલાબેન હિરજી (મગસ) | નારાયણપર-કચ્છ |
| ફાગણ સુદ-૫ | અ.નિ. મંજુલાબેન રવજીભાઈ મૂળજીભાઈ શિયાણી (દૂધપાક પુરી) | ભુજ-કચ્છ |
| ફાગણ સુદ-૫ | ભાવસાર શૈલેષભાઈ (કાજુ બદામ મૈસુબ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૬ | અ.નિ. કેરાઈ રતનબાઈ ગોવિંદભાઈ (મોહનથાળ) | નારાયણપર-કચ્છ |
| ફાગણ સુદ-૭ | સ્વામિ વિશ્વવિહારીદાસજી (મોહનથાળ) | વડતાલ |
| ફાગણ સુદ-૭ | અ.નિ. પૂજારી ચંપકભાઈ નરસિંહભાઈ (મોહનથાળ) | ધોળકા |
| ફાગણ સુદ-૭ | અ.નિ. મહેન્દ્રભાઈ દુર્ગાશંકર શુકલ (ચુરમાના લાડુ) | ગોતા |
| ફાગણ સુદ-૭ | પટેલ રંજનબેન ચિમનભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૭ | અ.નિ. પટેલ અંબાલાલ શિવાભાઈ (મોહનથાળ) | કોટા |
| ફાગણ સુદ-૭ | પરીખ મયુરભાઈ આર. (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૭ | પટેલ ગોવિંદભાઈ દેવજીભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૮ | પટેલ કાંતાબેન વિનોદભાઈ (મગસ) | |
| ફાગણ સુદ-૯ | સોની ઉર્મિલાબેન પ્રવિણકુમાર (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૯ | અ.નિ. પટેલ હિરાબેન કરશનભાઈ (મગસના લાડુ) | મારૂસણા |
| ફાગણ સુદ-૧૨/૧૩ | પટેલ ધ્રુવકુમાર ચિનુભાઈ (મગસના લાડુ) | વિહારવાળા |
| ફાગણ સુદ-૧૨/૧૩ | પટેલ ભગવાનભાઈ નાગરદાસ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨/૧૩ | પ્રજાપતિ શંકરભાઈ રેવાભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૪ | અ.નિ. સવિતાબેન કાળીદાસ પટેલ (મગસ) | મહાદેવનગર |
| ફાગણ સુદ-૧૪ | પટેલ ચંદ્રિકાબેન વસંતલાલ (કાજુબદામ મૈસુબ) | ઉંઝા |
| ફાગણ સુદ-૧૪ | પટેલ અર્પિત રમેશભાઈ (દૂધપાક માલ પુંવા) | ઝુંડાલ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| | | |
|---|---|---|
| ફાગણ સુદ-૧૫ | અ.નિ. હિરજીભાઈ હરજીભાઈ પટેલ (મગસ) | મહેસાણા |
| ફાગણ સુદ-૧૫ | અ.નિ. છગનભાઈ ત્રિકમભાઈ વિરાણી (મોહનથાળ) | રળીયાણા |
| ફાગણ સુદ-૧૫ | હાલાઈ દિવ્યાની ચેતનભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૨ | ચોકસી નિલેશ ઘનશ્યામભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૨ | અ.નિ. કિરીટભાઈ લાલભાઈ પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૩ | પટેલ કાંતિભાઈ નરસિંહભાઈ, ચંદ્રિકાબેન કાંતિભાઈ (બુંદીના લાડુ) | |
| ફાગણ વદ-૩ | હરિૐ પરિવાર અ.નિ. ભીખાભાઈ અંબાલાલ ભાવસાર (ઘેવર) | |
| ફાગણ વદ-૪ | શુકલા સંજયભાઈ (શિખંડપુરી) | સુરત |
| ફાગણ વદ-૪ | અ.નિ. વિશરામ દેવજી પિંડોરીયા (મોહનથાળ) | સલકી-કચ્છ |
| ફાગણ વદ-૫/૬ | અ.નિ. મનજી લાલજી વરસાણી, (મોહનથાળ)<br>અ.નિ. ગં.સ્વ. અમરબાઈ | વેકરા-કચ્છ |
| ફાગણ વદ-૫/૬ | અ.નિ. સમજુબેન ઘનશ્યામભાઈ સાંગાણી (મોહનથાળ, મોતૈયા લાડુ) | બાપુનગર |
| ફાગણ વદ-૫/૬ | દેસાઈ હિરેન પરેશભાઈ (મોતૈયા લાડુ) | નિકોલ |
| ફાગણ વદ-૭ | અ.નિ. હિરજી વિરજી વરસાણી, (મગસ)<br>અ.નિ. અમરબેન હિરજી વરસાણી | વેકરા-કચ્છ |
| ફાગણ વદ-૭ | અ.નિ. ચિનુભાઈ ચતુરભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ડાંગરવા |
| ફાગણ વદ-૮ | અ.નિ. રણછોડભાઈ અંબાલાલ પટેલ (મોહનથાળ) | ડાંગરવા |
| ફાગણ વદ-૮ | પટેલ ડાહ્યાભાઈ નારણદાસ (ચુરમાના લાડુ) | માણસાવાળા |
| ફાગણ વદ-૮ | પટેલ શિરીષકુમાર જગજીવનદાસ (ચુરમાના લાડુ) | ગોઠીબ |
| ફાગણ વદ-૮ | પટેલ વિનોદભાઈ ટેક્ષીવાળા (મગસપુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૮ | સોરઠીયા મૂળાભાઈ વલ્લભભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૯ | અ.નિ. હિરાણી નાનજી પ્રેમજી (મગસના લાડુ) | માંડવી-કચ્છ |
| ફાગણ વદ-૯ | અ.નિ. ચંદ્રિકાબેન ચંદ્રકાંત મહેતા (મગસના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૦ | જાની જીતેન્દ્રભાઈ અરવિંદભાઈ (મગસના લાડુ) | બાકરોલ |
| ફાગણ વદ-૧૦ | પટેલ પ્રવિણભાઈ મુલચંદદાસ (મોહનથાળ) | ડાંગરવા |
| ફાગણ વદ-૧૦ | પટેલ કૌશિકભાઈ જયંતીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૦ | અ.નિ. નિલેશભાઈ ધનજી નાકરાણી (મગસ) | કેરા-કચ્છ |
| ફાગણ વદ-૧૧ | શૈલેષભાઈ ભાવસાર (ફરાળ) (ડ્રાઈફ્રુટ હલવો) | |
| ફાગણ વદ-૧૧ | મારવી રાકેશ કાંતિલાલ (ફરાળ) (ડ્રાઈફ્રુટ હલવો) | જીરાગઢ |
| ફાગણ વદ-૧૨ | પટેલ કુશલ પોપટભાઈ (મગસના લાડુ) | સાબરમતી |
| ફાગણ વદ-૧૨ | કેશવ એન્જીનિયરીંગ જીતેન્દ્રભાઈ પટેલ (શિખંડપુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | પટેલ વિઠ્ઠલભાઈ કચરદાસ (ચુરમાના લાડુ) | મોખાસણ |
| ફાગણ વદ-૧૨ | અ.નિ. હેનીબેન કાંતિલાલ મારવી (મોતૈયા લાડુ) | જીરાગઢ |
| ફાગણ વદ-૧૩ | અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામી લક્ષ્મણજીવનદાસજી (મોહનથાળ)<br>ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી | જૂનાગઢ |
| ફાગણ વદ-૧૪ | અ.નિ. પરસોતમભાઈ મગનભાઈ પટેલ (શિખંડપુરી) | ચાંદખેડા |
| ફાગણ વદ-૩૦ | અ.નિ. ખીમજી રામજી કેરાઈ, (કાજુબદામ મૈસુબ)<br>અ.નિ. વાલબાઈ ખીમજી કેરાઈ | કચ્છ-ભુજ |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





આપણા સિડની ઓસ્ટ્રેલિયા મંદિરના ૧૯માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન.

કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર માં રામનવમી અને
શ્રીહરિ જયંતી પ્રસંગે અક્ષરભુવનમાં ઘનશ્યામ મહારાજના અન્નકૂટ દર્શન




કાલુપુર શ્રી સ્વામિનારાયણ
મંદિર માં મહિલા અને પુરુષ
પોલીસ કર્મીઓ માટે
ઓક્સિજન સહિતના
૧૨ બેડના આઈસોલેશન
રૂમ બનાવાયા

જેતલપુર મંદિરમાં બિરાજીત
શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના
પાટોત્સવ પ્રસંગે અભિષેકના દર્શન



વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# પર્વ

૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશો.
htpp://www.swaminarayan.in/donation

Registered under RNI ls - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 /2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

Praful Kharsani